# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-10-2023** **Morning : 7.45 to 7.55**
**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

***************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજસ્થાનના જોધપુરમાં રોડ , રેલવે, ઉડ્ડયન, આરોગ્ય અને ઉચ્ચ શિક્ષણ જેવા ક્ષેત્રોમાં પાંચ હજાર કરોડ રૂપિયાની અનેક વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.
- સરકારે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ માટે એલપીજી સબસિડીમાં પ્રતિ સિલિન્ડર100 રૂપિયાનો વધારો કર્યો છે.
- ગુજરાત સરકારે ગુજરાત પુનઃપ્રાપ્ય ઉર્જા નિતિ- ૨૦૨૩ની જાહેરાત કરી છે.
- સિક્કિમના મંગનમાં વાદળ ફાટવાથી પાંચ લોકોના મોત નિપજ્યાં છે અને સેનાના 23 જવાનો ઉપરાંત 59 લોકો ગુમ થયા છે
- ગુજરાતના અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ICC પુરુષ વિશ્વ કપનો આજથી આરંભ થશે. આજે પહેલી મેચ ન્યુઝીલેન્ડ અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાશે

**************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-RAJASTHAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે રાજસ્થાનના જોધપુરમાં રોડ , રેલવે, ઉડ્ડયન, આરોગ્ય અને ઉચ્ચ શિક્ષણ જેવા ક્ષેત્રોમાં આશરે પાંચ હજાર કરોડ રૂપિયાની અનેક વિકાસ યોજનાઓનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે, અને એક જાહેર સભાને પણ સંબોધશે. પ્રધાનમંત્રી જોધપુર એઈમ્સમાં 350 પથારીના 'ટ્રોમા સેન્ટર અને ક્રિટિકલ કેર હોસ્પિટલ બ્લોક'નો શિલાન્યાસ કરશે અને પ્રધાનમંત્રી-આયુષ્માન ભારત આરોગ્ય માળખાકીય સુવિધા મિશન હેઠળ રાજ્યમાં વિકસાવવામાં આવનાર સાત ક્રિટિકલ કેર બ્લોકનો શિલાન્યાસ કરશે.

પ્રધાનમંત્રી એક હજાર 135 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનેલ IIT જોધપુરના અત્યાધનિક કેમ્પસ પણ રાષ્ટ્રને સમર્પિત કરશે. પ્રધાનમંત્રી રાજસ્થાનની કેન્દ્રિય યુનિવર્સિટીમાં માળખાકીય સુવિધાના આધુનિકરણ સાથેના કેન્દ્રિય સાધન પ્રયોગશાળા, સ્ટાફ ક્વાર્ટર્સ તથા 'યોગ અને રમત ગમત વિજ્ઞાન ભવન રાષ્ટ્રને સમર્પિત કરશે.

આકાશવાણી જોધપુરના સંવાદદાતા જણાવે છે કે પ્રધાનમંત્રી જોધપુર હવાઈમથક પર 480 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનારા અત્યાધુનિક નવા ટર્મિનલ બિલ્ડિંગનો શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી જોધપુર રિંગ રોડના કારવારથી ડાંગિયાવાસ સેક્શનના ચાર-માર્ગીકરણ સહિત રોડ સુવિધાને સુધારવા માટે અંદાજે એક હજાર 475 કરોડના ખર્ચે અનેક રોડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરશે.

શ્રી મોદી રાજસ્થાનમાં બે નવી ટ્રેનને લીલી ઝંડી આપશે. જેમાં જેસલમેરથી દિલ્હીને જોડતી નવી ટ્રેન રૂનીચા એક્સપ્રેસ અને મારવાડ જંક્શનથી ખંબલી ઘાટને જોડતી નવી હેરિટેજટ્રેનનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી દ્વારા  અન્ય બે રેલવે પ્રોજેક્ટ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવશે. તેમાં 145 કિલોમીટર લાંબી 'દેગાના-રાય કા બાગ' રેલવે લાઇન અને 58 કિલોમીટર લાંબી 'દેગાના-કુચામન સિટી' રેલવે લાઇનના દ્વિ માર્ગીકરણના પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

# PM-MADHYA-PRADESH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ જે મધ્યપ્રદેશના જબલપુરમાં વિવિધ ક્ષેત્રના 12 હજાર 600 કરોડ રૂપિયાના વિકાસકામોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. તેઓ ઇન્દોરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 128 કરોડ રૂપિયાના ખર્ચના લાઇટ હાઉસ પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે. આ યોજનાનો લાભ એક હજારથી વધુ પરિવારોને મળશે.

એવી જ રીતે , તેઓ જબલપુર અને દીંડોરી જીલ્લામાં બે હજાર 350 કરોડ રૂપિયાના ખર્ચે જલજીવન મિશન પ્રોજેક્ટ હેઠળના વિવિધ પાણી યોજનાઓનો શિલાન્યાસ કરશે. શ્રી મોદી મધ્યપ્રદેશમાં 4 હજાર 800 કરોડ રૂપિયાના ખર્ચે બંધાયેલા અને બંધાનાર માર્ગ વિકાસ કામોનો શિલાન્યાસ અને લોકાર્પણ કરશે. આ ઉપરાંત તેઓ એક હજાર 850 કરોડ રૂપિયાના ખર્ચના રેલ્વે પ્રોજેક્ટોનું લોકાર્પણ કરશે.

# CABINET-DECISION

કેન્દ્ર સરકારે ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને રાંધણગેસના સિલિન્ડર ઉપર અપાતી સબસિડીમાં 100 રૂપિયાનો વધારો કર્યો છે.

માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગસિંહ ઠાકુરે ગઈકાલે દિલ્હીમાં પત્રકારો જણાવ્યું હતું કે , હવેથી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓને સિલિન્ડર દીઠ 200 રૂપિયાના બદલે 300 રૂપિયા સબસીડી અપાશે.

# Renewable Energy Policy

ગુજરાત સરકારે પુનઃપ્રાપ્ય ઉર્જા નિતિ- ૨૦૨૩ની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જાહેર કરેલી આ નિતી પવન , સૂર્ય અને હાઇબ્રીડ ટેકનોલોજી પર આધારિત પુનઃપ્રાપ્ય ઉર્જા પ્રોજેક્ટસની સ્થાપનાને પ્રોત્સાહન આપનારી છે. આ નિતિનો સમયગાળો નવી પોલીસી જાહેર થતાં સુધીનો અથવા આગામી ૨૦૨૮ સુધીનો રાખવામાં આવ્યો છે.

એટલું જ નહીં , આ નિતિ અંતર્ગત જમીન પરના સોલાર , રૂફટોપ સોલાર , ફ્લોટીંગ સોલાર, કેનાલ ટોપ સોલાર અને વિન્ડ , રૂફટોપ વિન્ડો અને વિન્ડટ-સોલાર હાઇબ્રીડ પ્રોજેક્ટસને આવરી લેવામાં આવશે.

ગુજરાતે કેન્દ્ર સરકારની નવી પુનઃપ્રાપ્ય ઉર્જા નિતી અંતર્ગત આગામી ૨૦૩૦ સુધીમાં સમગ્ર વિજ ઉત્પાદનનો ૫૦ ટકા હિસ્સો પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતો દ્વારા પ્રાપ્ત કરવાના ઉદ્દેશ સાથે આ નિતીમાં વિવિધ સુવિધાઓ પ્રદાન કરવાની જોગવાઈઓ કરી છે. નવી નિતિના કારણે આ ક્ષેત્રે પાંચ લાખ કરોડ રૂપિયાનું રોકાણ થવાની પણ સંભાવનાઓ છે.

# SIKKIM CLOUD BURST

સિક્કિમના, મંગનમાં લહોનક સરોવર પર ગઈકાલે વાદળ ફાટવાથી લાચેન ખીણમાં તિસ્તા નદીમાં પૂરની પરિસ્થિતિ સર્જાઇ છે. પરિણામે પેકયોંગ જિલ્લામાં આવેલા સેનાના એકમોને પુરની અસર થઈ છે. સેનાના 23 જવાનો લાપતા બન્યા છે જ્યારે 59 લોકો ગુમ થયા છે અને 5 લોકોના મૃત્યુની પુષ્ટી કરવામાં આવી છે.. અચાનક પૂરમાં ગુમ થયેલા 23 સૈનિકો માટે ભારતીય સેના દ્વારા શોધ અને બચાવ કામગીરી ચાલુ છે. સિક્કિમના મુખ્ય સચિવ વિજય ભૂષણ પાઠકે જણાવ્યું છે કે રાહત અને સંશોધન માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. આશરે 500 લોકોને રાહત શિબિરોમાં આશ્રય આપવામાં આવ્યો છે.

મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગે સિંગતમમાં અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. હવામાન વિભાગે સિક્કિમ માટે આગામી 48 કલાક માટેરેડ એલર્ટ જાહેર કર્યું છે. આ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સિક્કિમના મુખ્યમંત્રી પ્રેમસિંહ તમાંગ સાથે વાતચીત કરીને સિક્કિમમાં તિસ્તા નદીમાં આવેલા પુરના કારણે ઉભી થયેલી પરિસ્થિતિની માહિતી મેળવી હતી. અને કેન્દ્ર સરકાર વતી શક્ય તમામ સહ્ય આપવાની ખાતરી આપી છે.

# ICC WORLDCUP-AHMEDABAD

ગુજરાતના અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ICC પુરુષ વિશ્વ કપનો આજથી આરંભ થઈ રહ્યો છે. આજે પહેલી મેચ ન્યુઝીલેન્ડ અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાશે. દરમિયાન અમદાવાદના મોટેરા વિસ્તારના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સ હિત અન્ય વિસ્તારોમાં સાડા ત્રણ હજારથી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે.

અમદાવાદના અમારા સંવાદદાતા જણાવે છે કે અમદાવાદ ખાતે 14 ઓક્ટોબરે ભારત-પાકિસ્તાનની રસાકરીભરી મેચ રમાશે. વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ICC પુરુષ ક્રિકેટવિશ્વ કપ 2023 ની શરૂઆતની મેચોનો આજથી આરંભ થશે. મેચ જોવા માટે આવનારા દર્શકોની વિશાળ સંખ્યાને ધ્યાનમાં રાખીને સ્ટેડિયમના મુખ્ય સ્થળો પરક્વિક રિસ્પોન્સ ટીમ્સ ( QRT) અને બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ ટીમ (BDDS) સહિતની વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

આકાશવાણી સાથે વાત કરતા ગુજરાત ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી અનિલ પટેલે વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું હતું

(બાઈટ)

આ ઉપરાંત એસોસિએશ દ્વારા કેન્સર પીડિત 20 ક્રિકેટ ચાહકો અને તેમની સાથે આવેલા ડોક્ટર માટે મેચ જોવા માટે ખાસ વ્યવસ્થા કરી છે. દરમ્યાન અમદાવાદ મેટ્રો રેલ સેવાનો સમય પણ મેચના દિવસોમાં રાત્રે ત્રણ કલાક વધારવામાં આવ્યો છે.

# SPORTS AWARD- APPLICATION

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય રમત પુરસ્કાર 2023 માટે અરજીઓ મંગાવવામાં કરવામાં આવી છે. એવોર્ડ માટે લાયક ખેલાડીઓ , કોચ, સંસ્થાઓ અને યુનિવર્સિટીઓની અરજીઓ આવતા મહિનાની 2 તારીખ સુધીમાં પોર્ટલ- dbtyas-sports.gov.inપર જમા કરી શકાય છે.

છેલ્લી તારીખ પછી મળેલી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. પોર્ટલ દ્વારા જ અરજીઓ ઓનલાઈન મોકલી શકાશે. મંત્રાલય દર વર્ષે રમત પુરસ્કાર અરજીઓ આમંત્રિત કરે છે. વર્ષ 2023 માટેના આ રમત પુરસ્કારો માટે અરજીઓ આમંત્રિત કરતી સૂચના www.yas.nic.in વેબસાઇટ પર અપલોડ કરવામાં આવી છે.

# KARNATAKA-CENTRALTEAM VISIT

દુષ્કાળની સ્થિતિનો અભ્યાસ કરવા માટે કેન્દ્રીય ટીમ આજે કર્ણાટકની મુલાકાત લેશે. આ ટીમને ત્રણ જુથમાં વહેંચવામાં આવશે અને આગામી ચાર દિવસ સુધી દુષ્કાળગ્રસ્ત વિસ્તારોનો સર્વે કરશે. ટીમ સવારે કર્ણાટક રાજ્ય કુદરતી આપત્તિ સંચાલન સત્તામંડળની મુલાકાત લેશે જ્યાં તેમને વર્તમાન દુષ્કાળ અંગે માહિતી આપવામાં આવશે. બાદમાં આ ટીમો દુષ્કાળની સ્થિતિ અંગે પ્રાથમિક માહિતી એકત્ર કરવા માટે વિવિધ જિલ્લાઓમાં રવાના થશે.

કેન્દ્રીય નિરીક્ષકોની ત્રણ ટીમનું નેતૃત્વ કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયના સંયુક્ત સચિવ અજિતકુમાર સાહુ, કેન્દ્રીય જળ અને સ્વચ્છતા મંત્રાલયના અધિક સલાહકાર ડીરાજશેખર કરી રહ્યા છે અને ત્રીજી ટીમનું નેતૃત્વ કેન્દ્રીય જળ આયોગના નિયામક અશોક કુમાર વી. કરી રહ્યા છે. તેઓ બેલાગવી, વિજયપુરા, બાગલકોટ, ધારવાડ, ગદગ, કોપ્પલ, બેલ્લારી, વિજયનગર, ચિક્કબલ્લાપુરા, તુમકુરુ, ચિત્રદુર્ગ, દાવાણગેરે અને બેંગલુરુ ગ્રામીણ જિલ્લાઓની મુલાકાત લેશે.

આ ટીમ સોમવારે કર્ણાટક રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓને મળશે. કર્ણાટકના મહેસૂલ મંત્રી કૃષ્ણા બાયરે ગૌડાએ અગાઉ પત્રકારોને માહિતી આપી હતી કે રાજ્યના 195 તાલુકાઓમાં બે લાખ હેક્ટર બાગાયતી પાક સહિત 42 લાખ હેક્ટર પાકને નુકસાન થવાનો અંદાજ છે.